**અમદાવાદ (ગ્રામ્ય) ના ૯ મા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. ૫૬૩૬/૨૦૨૧

આંક:- ૨૦

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ : ૧). અજયભાઈ ભવાનભાઈ ઠાકોર
૨). ચિરાગ મનુસિંહ બીહોલા
૩). કિરણ કુકાજી ઠાકોર

**ગુનો : ગુજરાત પ્રોહી. એકટની કલમ -૬૫ ઈ, ૧૧૬(બી) મુજબ**

(૧) સદરહું કામના આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત **પ્રોહી. એકટની કલમ -૬૫ ઈ, ૧૧૬(બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાન કામે આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે ગુનાનુ તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને પ્લી લેતા આરોપીઓએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીઓએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીઓએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીઓએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીઓને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીઓની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીઓને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત **પ્રોહી. એકટની કલમ -૬૫ ઈ, ૧૧૬(બી)**ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીઓને ગુજરાત પ્રોહી. એકટની કલમ **૬૫ ઈ,૧૧૬(બી)** મુજબ ગુન્હા માટે **આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને રૂા. ૧૦૦/- પુરા (અંકે રૂપિયા એકસો પુરા) એમ કુલરૂા. ૩૦૦/- પુરા (અંકે રૂપિયા ત્રણસો પુરા)**દંડ, ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૦૯ મી, માહે, સપ્ટેમ્બર , ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૦૯ / ૦૯/૨૦૨૩
અમદાવાદ (ગ્રામ્ય)

(કે. એન. નિમાવત)
૯ મા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર
જીજે૦૧૫૭૬